**આંક–૨૧**

**<u>મજુર અદાલત નંબર–૧,ભરૂચના પ્રમુખ અધિકારી શ્રી એસ.જી.ડોડીયા સમક્ષ</u>**

**રેફરન્સ (એલસીબી) નંબર–૨૮૦/૨૦૧૬**

**પ્રથમ પક્ષકારઃ** મેનેજરશ્રી,
સીલીકોન જ્વેલ્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.,
સર્વે નં.–૫૭, ૫૯,
મું.જીતાલી, બેઈલ કંપની નજીક,
જી.આઈ.ડી.સી. અંકલેશ્વર,
જી.ભરૂચ.

**વિરૂદધ**

**બીજા પક્ષકારઃ** શ્રી સતીષભાઈ દિનેશભાઈ પટેલ.
રહે–૩૪, રામેશ્વર સોસાયટી,
જલધારા ચોકડી, જી.આઈ.ડી.સી.,
અંકલેશ્વર, જી.ભરૂચ.

**હાજર રહ્યાઃ** પ્રથમ પક્ષકાર તરફે વિદ્વાન વકીલ શ્રી અશ્વિનભાઈ ખંભાતા.
બીજા પક્ષકાર તરફે વિદ્વાન વકીલ શ્રી ડી.એસ.જોગ.

## <u>–:– ચુકાદો –:–</u>

(૧) હાલનો રેફરન્સ ઔધોગિક વિવાદ ધારાની કલમ ૧૦ (૧) અન્વયે મદદનીશ શ્રમ આયુકતશ્રીના તા.૨૦/૦૯/૨૦૧૬ ના આંક–૧ ના હુકમથી નીચે જણાવેલ અનુસુચિ અનુસંધાને ન્યાયિક નિર્ણય કરવા માટે સુપરત કરવામાં આવેલ છે.

## <u>–:– અનુસુચિ –:–</u>

શ્રી સતીષભાઈ દિનેશભાઈ પટેલને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૨) આ કામે રેફરન્સ દાખલ થતાં પક્ષકારોને નોટીસ કરતાં બીજા પક્ષકાર તરફે આંક–૫ થી માંગણાનું નિવેદન રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૧/૦૭/૨૦૦૯

ના રોજથી બગાસ સુપરવાઈઝર તરીકે સતત અને સળંગ રીતે ૧૨-૧૨ કલાકની બે પાળીમાં નોકરીમાં જોડાયેલા. બીજા પક્ષકારનો છેલ્લે માસીક રૂ.૨૧,૦૧૦/- ના પગારથી નોકરીની ફરજો બજાવતા આવેલ છે. તા.૦૨/૦૫/૨૦૧૬ થી ૮ કલાકની પાળીમાં ફરજો બજાવતા આવેલ.

બીજા પક્ષકારની ફરજ દરમ્યાન કામગીરી બાબતે, વર્તણુંક બાબતે કોઇ મેમો, નોટીસ કે ચાર્જશીટ મળેલ નથી. તેઓનો પાછલો રેકોર્ડ ખુબ જ સ્વચ્છ હતો. પ્રથમ પક્ષકારને તેઓની કામગીરીથી સંતોષ હતો.

પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા વર્ષોથી કામદારો પાસે ૧૨-૧૨ કલાકની પાળીઓમાં ફરજીયાત કામગીરી લેવામાં આવતી હતી. બીજા પક્ષકાર કામદાર તેમજ અન્ય કામદારોએ તેમજ યુનિયન દ્વારા સરકારશ્રીના જવાબદાર અધિકારીઓને વારંવાર ફરીયાદ કરી ફરજીયાત ૧૨ કલાકની કામગીરી બંધ કરાવી તા.૦૨/૦૫/૨૦૧૬ ના રોજથી ૮ કલાકની પાળી કરવા ફરજ પડેલ જેની રીષ રાખી પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આશરે ૧૦ જેટલા કામદારોને કોઈપણ જાતની નોટીસ કે વળતર ચુકવ્યા સિવાય કાયદાકીય જોગવાઈઓનો ભંગ કરી છુટા કરી દીધેલ તેમજ આશરે ૫ થી વધુ કામદારો સામે કહેવાતી ખોટી હકીકતોના આધાર લઈ પેન્ડીંગ ઈન્કવાયરીઓ ચાલુ કરેલ છે તેમજ બીજા પક્ષકાર અને નિરજ સી.પટેલને કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર કે સંસ્થાના માલીકી કે નિયંત્રણ હેઠળની સંસ્થા ન હોય તેમજ કહેવાતી સીસ્ટર કન્સર્ન સંસ્થામાં ટ્રાન્સફર કરેલ પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઉદય થયાથી આજદિન સુધી કોઈપણ કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ અન્ય કોઈ કન્સર્ન સંસ્થામાં ટ્રાન્સફર કરેલ નથી પરંતુ બીજા પક્ષકારને ફકત હેરાન કરવા માટેના બદઈરાદાથી તેમજ યુનિયન પ્રવૃત્તિ તોડી પાડવાના બદઈરાદાથી ટ્રાન્સફર લેટર આપેલ છે. સદરહું ટ્રાન્સફર ક્યાં કારણોસર કરવામાં આવેલ છે તેની કોઈ સ્પષ્ટતા પ્રથમ પક્ષકાર સંસ્થાએ કરેલ નથી.

વધુમાં કામદારોની વિવિધ માંગણીઓની ડીમાન્ડ સક્ષમ કોર્ટમાં હાલ ન્યાય નિર્ણય માટે પડતર છે સદરહું કન્સીલેશન/લવાદી/કોર્ટ કાર્યવાહી દરમ્યાન જે સત્તાધિકારી સમક્ષ કાર્યવાહી નિકાલ બાકી હોય તેની સ્પષ્ટ લેખીત પરવાનગી લીધા સિવાય આઈ.ડી.એક્ટની કલમ ૩૩(૧)(એ) મુજબ "તે તકરાર સાથે સંકળાયેલી બાબત સંબંધમાં, એવી કાર્યવાહીના આરંભથી તરત પહેલાં તેઓને લાગુ પડતી નોકરીની શરતોમાં તે તકરાર સાથે સંબંધ ધરાવતા કામદારોને પ્રતિકુળ અસર થાય એ રીતે ફેરફાર કરી શકાય નહી તેમ કાયદાની સ્પષ્ટ જોગવાઈ કરેલ હોવા છતાં આઈ.ડી.એક્ટની કલમ ૩૩(૧)(એ) ની જોગવાઈનો ભંગ કરીને ટ્રાન્સફર આપેલ છે જે આઈ.ડી.એક્ટની જોગવાઈઓ વિરૂધ્ધ છે.

વધુમાં આઈ.ડી.એક્ટની કલમ-૯એ જોગવાઈ મુજબ કોઈ કામદારને લાગુ પડતી સેવાની

શરતોમાં ફેરફાર કરવા માંગતા માલીકે

(એ) એ ફેરફારની અસર જેને સંભવ હોય તે કામદારને કેવા પ્રકારનું ફેરફાર કરવા ધાર્યુ છે તે વિષે ઠરાવેલી રીતે નોટીસ આપ્યા વિના અથવા

(બી) એવી નોટીસ આપ્યાના એકવીસ દિવસની અંદર, એવો ફેરફાર કરી શકાય નહી.

પ્રથમ પક્ષકાર સંસ્થાની એ હકીકત સાચી નથી કે, સંસ્થાએ કરેલ ટ્રાન્સફર શુધ્ધબુધ્ધિ પુર્વક કરેલ છે અને સદરહુ ટ્રાન્સફર સંદર્ભમાં કોઈ બદ ઈરાદો નથી તેમજ ટ્રાન્સફર કરેલ સંસ્થા સીસ્ટર કર્ન્સન છે તેમજ વહીવટી કૃત્યના ભાગરૂપે સંસ્થાના હિતની જાળવણીના અંતે ટ્રાન્સફર શુધ્ધબુધ્ધિ પુર્વક કરેલ છે વિગેરે હકીકતો તદન ખોટી અને ગેરકાયદેસરની છે.

બીજા પક્ષકારને તા.૨૪/૦૫/૨૦૧૬ ના પત્રના આધારે તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજથી ફરજ પરથી છુટા કરવા બાબતે હુકમ કરી પ્રથમ પક્ષકાર સંસ્થાએ ગેરકાયદેસર રીતે છુટા કરતાં તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભરૂચ સમક્ષ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ. જયાં સામાવાળા સાથે કોઈ સમાધાન શકય ન બનતા સદર કામ નામ.કોર્ટને ન્યાય નિર્ણય માટે સુપરત કરેલ છે. જેને ચલાવવાની નામ.કોર્ટને સત્તા અને હકુમત છે.

બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરેલ છે જેનો પુરાવો સંસ્થાના કબજામાં છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તેમની જગ્યાએ અન્ય વ્યક્તિને રોકી કામગીરી કરાવે છે. તેઓ આજે પણ સંસ્થામાં કામગીરી બજાવવા રાજી અને ખુશી છે.

સબબ પ્રથમ પક્ષકાર ધ્વારા બીજા પક્ષકારને તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજથી કામ ઉપર ચઢવા ન દઈ મૌખિક હુકમથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું જાહેર કરી તેઓની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરે પુરા પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો પ્રથમ પક્ષકારને હુકમ ફરમાવવા તથા નામ.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી અન્ય હરકોઈ દાદ અપાવવા તથા આ કામનો ખર્ચ રૂ.૧૦,૦૦૦/– ચુકવી આપવાનો હુકમ ફરમાવવાની દાદ માંગેલી છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૭ થી લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, સદરહુ રેફરન્સ તદન ખોટો, ગેરકાયદેસર, કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત વિરૂધ્ધનો હોય સદરહુ રેફરન્સ રદ થવાને પાત્ર છે.

પ્રથમ પક્ષકાર નામદાર અદાલતને જણાવે છે કે, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને અંકલેશ્વર મુકામેથી છુટા કરેલ નહોય તેવા સંજોગોમાં આપ નામદાર અદાલતને આ રેફરન્સ સાંભળવાની અને આખરી નિર્ણય લેવાની હકુમત ન હોય તેવા સંજોગોમાં આ રેફરન્સ આજ કારણોસર રદ થવાને પાત્ર છે.

આ કામનાં બીજા પક્ષકાર ઔદ્યોગિક વિવાદની ધારાની જોગવાઈ મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોય તેવા સંજોગોમાં પણ આ રેફરન્સ રદ થવાને પાત્ર છે.

પ્રથમ પક્ષકારનાએ સદરહુ માંગણાના નિવેદનની હકીકતો સ્પષ્ટ રીતે સ્વિકારેલ ન હોય તે સિવાયની તમામ હકીકતો કબુલ મંજુર છે તેમ નથી.

માંગણાના નિવેદનના પેરા–૧ ની હકીકતમાં બીજા પક્ષકાર સંસ્થામાં સુપરવાઈઝર તરીકે કામ કરતા હતા તે હકીકત સાચી છે. તે સિવાયની અન્ય હકીકતોનો સ્પષ્ટ રીતે ઇન્કાર કરે છે.

માંગણાના નિવેદનના પેરા–૨ ની તમામ હકીકતોનો સ્પષ્ટ રીતે ઇન્કાર કરે છે.

માંગણાના નિવેદનના પેરા–૩ ની તમામ હકીકતો પાઠાફેર,સત્યથી વેગળી હોય તેનો સ્પષ્ટ રીતે ઇન્કાર કરે છે.સંસ્થાએ કાયદાની કલમ ૯(એ) નો ભંગ કરેલ નથી. કે નોકરીની શરતોનો ભંગ કરેલ નથી. કે યુનિયનની પ્રવૃત્તિ તોડી પાડવા માટે બીજા પક્ષકારની ટ્રાન્સફર કરેલ નથી. તેઓએ જે ટ્રાન્સફર કરેલ છે તે શુધ્ધ બુધ્ધિ પુર્વકની છે. અને સંસ્થાનું હિત જાળવવા માટે વહીવટી હુકમના એક ભાગરૂપે કરેલ છે. જે ટ્રાન્સફરને બીજા પક્ષકારે આજદિન સુધી પડકારેલ નથી.

માંગણાના નિવેદનના પેરા–૪ ની તમામ હકીકતો ખોટી અને પાઠાફેર છે જેથી તેનો સ્પષ્ટ રીતે ઇન્કાર કરે છે. બીજા પક્ષકાર બેકાર હોવાની હકીકત ખોટી જણાવે છે.

પ્રથમ પક્ષકાર આ જવાબમાં સુધારો–વધારો કરવાનો હક્ક અબાધિત રાખે છે. આ કામના બીજા પક્ષકારનાએ કોઈ પણ જાતનાં વ્યાજબી કે યોગ્ય કારણો વગર માંગણાના નિવેદન ઘણા વિલંબ બાદ દાખલ કરેલ હોય તે હકીકત ધ્યાનમાં સદરહુ રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા જવાબમાં જણાવેલ છે.

(૪) આ કામે પક્ષકારો તરફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>બીજા પક્ષકાર તરફેઃ–</u>**

**<u>મૌખિક પુરાવાઃ–</u>**

(૧) આંક–૧૧ બીજા પક્ષકાર શ્રી સતીષભાઈ દિનેશભાઈ પટેલની એફીડેવીટ ઉપર સરતપાસ.

**લેખિત પુરાવાઃ–**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૫ | માંગણાનું નિવેદન. |
| (૨) | આંક–૯ | પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી ખાતાકીય તપાસના દસ્તાવેજો પુરા પડાવવા બાબતે અરજી. |
| (૨) | આંક–૧૫ | કલોઝીંગ પુરશીસ. |
| (૩) | આંક–૧૭ | દસ્તાવેજી પુરાવા લીસ્ટ. |
| (૪) | આંક–૨૦ | લેખિત દલીલો. |

**પ્રથમ પક્ષકાર તરફેઃ–**

**મૌખિક પુરાવાઃ–**

(૧) આંક–૧૬ પ્રથમ પક્ષકારના સાહેદ શ્રી હીમાંશુભાઈ શાહની એફીડેવીટ ઉપર સરતપાસ.

**લેખિત પુરાવાઃ–**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૭ | લેખિત જવાબ. |
| (૨) | આંક–૮ | દસ્તાવેજી પુરાવા લીસ્ટ. |
| (૩) | માર્ક–૮/૧ આંક–૧૨ | ટ્રાન્સફર લેટર. |
| (૪) | માર્ક–૮/૨ આંક–૧૩ | બીજા પક્ષકારનો ટ્રાન્સફરના લેટરનાં અનુસંધાનમાં જવાબ. |
| (૫) | માર્ક–૮/૩ આંક–૧૪ | કપંનીનો ઉપરોક્ત પત્રનાં અનુસંધાનમાં જવાબ. |
| (૬) | આંક–૧૮ | કલોઝીંગ પુરશીસ. |
| (૭) | આંક–૧૯ | લેખિત દલીલો. |

**(૫)** આ કામે બીજા પક્ષકાર તરફે તેમના પ્રતિનિધી શ્રી ડી.એસ.જોગ ધ્વારા આંક–૨૦ થી લેખિત દલીલો રજુ રાખવામાં આવેલ છે. જે આ કામે વંચાણે લીધી. અને તે સાથે નીચે મુજબના ચુકાદા દલીલના સમર્થનમાં રજુ રાખેલ છે.

૧) ૧૯૮૪ એલ.એલ.જે. નામ.આંધ્ર પ્રદેશ હાઇકોર્ટનો પી.ક્રિષ્ના રાવ વિરૂધ્ધ આંધ્ર પ્રદેશ કો–ઓપરેટીવ.

**(૫/૧)** આ કામે પ્રથમ પક્ષકારના વિદ્વાન વકીલ શ્રી અશ્વિનભાઈ ખંભાતા દ્વારા આંક–૧૯ થી લેખિત દલીલો રજુ રાખવામાં આવેલ છે. જે આ કામે વંચાણે લીધી. અને તે સાથે નીચે મુજબના

ચુકાદા દલીલના સમર્થનમાં રજુ રાખેલ છે.

૧)　નામ.બોમ્બે હાઈકોર્ટનો સને ૧૯૮૯નો બોમ્બે ડાઇંગ એન્ડ મેન્યુફેકચરીંગ વિરૂધ્ધ આર.એ.બિંદુ.

૨)　નામ.સુપ્રિમ કોર્ટનો સિવિલ અપીલ નંબર-૧૭૫૬/૨૦૧૦ નો રાજસ્થાન સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ વિરૂધ્ધ શ્રી કુલચંદ.

**(૬)**　ઉપરોકત તમામ હકીકતમાં આ કામે મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા:-</u>**

૧)　શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે, તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બને છે ?

૨)　શું હુકમ ?

**(૭)**　આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણય:-</u>**

૧)　આંશિક હકારાત્મક.

૨)　આખરી હુકમ મુજબ.

**(૮)**　આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**<u>કારણો:-</u>**

**<u>મુદ્દા નંબર (૧-૨):-</u>**

આ કામે બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદની હકીકતોને સમર્થન આપવા માટે આંક-૧૧ થી તેમની જુબાનીનું સોગંદનામું અત્રેની કોર્ટમાં રજુ રાખેલ છે. આંક-૧૧ ની જુબાનીની હકીકતો જોતા તે માંગણાના નિવેદનની હકીકતોને સંપુર્ણ સમર્થન આપે છે.

**(૮/૧)**　આ કામે બીજા પક્ષકારની ઉલટતપાસ પ્રથમ પક્ષકાર સંસ્થાના વિદ્વાન વકીલ શ્રી અશ્વીનભાઈ ખંભાતા દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, " તે વાત ખરી છે કે હું સુપરવાઈઝર તરીકે હતો અને મારા હાથ નીચે ૮ થી ૧૦ માણસો કામ કરતા હતા. તેઓ મારી સુચના મુજબ કામ કરતા હતા. તે વાત ખરી નથી કે તા.૩૦/૦૫/૨૦૧૬ ના રોજ કોઈપણ મૌખિક રીતે

નોકરીમાંથી છુટા કરેલા નથી. તે વાત ખરી છે કે મારી તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજથી સ્ટલીંગ લામ લી. માં રીપોર્ટીંગ કરવાનું હતું. તે વાત ખરી છે કે મારી નિમણુંક પત્રના આધારે મારી ટ્રાન્સફર કરેલી. તે વાત ખરી છે કે મેં ટ્રાન્સફર લેટર સ્વીકારેલ ન હતો એટલે કંપનીએ મને રજી.એ.ડી. કરેલ. મને ટ્રાન્સફર લેટર તા.૨૫/૦૫/૨૦૧૬ ના રોજ રૂબરૂમાં આપેલો. તે વાત ખરી છે કે ટ્રાન્સફર લેટર તા.૨૫/૦૫/૨૦૧૬ નો ખુલાસો મેં તા.૩૦/૦૫/૨૦૧૬ ના રોજ આપેલ. મને નિ.૮/૧ થી ટ્રાન્સફર લેટર બતાવવામાં આવે છે તે મને આપવામાં આવેલ. જે રજુ દાખલ આંક-૧૨..... મને નિ.૮/૨ બતાવવામાં આવે છે તે મેં આપેલ ખુલાસો છે. જે રજુ દાખલ આંક-૧૩..... તે વાત ખરી છે કે નિ.૮/૨ નો જવાબ મને સંસ્સથાએ તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજ આપેલો. જે આ કામે નિ.૮/૩ થી રજુ દાખલ આંક-૧૪.... તે વાત ખરી છે કે મને જે જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવલે તે જગ્યાએ મેં આજદિન સુધી હાજર થયેલ નથી. તે વાત ખરી નથી કે મેં સંસ્થા વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે. તે વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. તે વાત ખરી છે કે હું પરણીત છું અને મારે ઘરખર્ચ રૂ.૮ થી ૯ હજાર જેટલો થાય છે. ઘરખર્ચ હું છુટક મજુરી કામ કરીને કમાઈ લઉં છું."

(૮/૨) આ કામે બીજા પક્ષકાર દ્વારા અન્ય કોઈ મૌખિક પુરાવાઓ રજુ રાખવામાં આવેલ નથી.

(૮/૩) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદ શ્રી હીમાંશુભાઈ દેવેનદ્રભાઈ શાહનું સોગંદનામું આંક-૧૬ થી રજુ રાખવામાં આવેલ છે. જેમાં સરતપાસમાં સાહેદ જણાવે છે કે, બીજા પક્ષકારને નિ.૮/૧ થી જે ટ્રાન્સફર લેટર આપેલો તેનો જવાબ બીજા પક્ષકારે આપેલ છે. જે નિ.૮/૨ થી રજુ છે. જેમાં બીજા પક્ષકારની સહી છે જેમાં લગાવેલા આક્ષેપો તદન ખોટા છે. બીજા પક્ષકારે જે લેખિતમાં રજુઆત કરેલી તેનો જવાબ પ્રથમ પક્ષકારે નિ.૮/૩ થી રજુ કરેલ છે જેમાં ડાયરેક્ટરશ્રીની સહી છે જે પત્ર દ્રારા બીજા પક્ષકારને બદલીનાં સ્થળે હાજર થવા માટે જણાવેલ.

(૮/૪) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદની ઉલટતપાસ બીજા પક્ષકારના વિદ્વાન વકીલ શ્રી ડી.એસ.જોગ દ્રારા કરવામાં આવેલ છે. જેમાં ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, " તે વાત ખરી છે કે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૧/૦૯/૨૦૦૯ થી નોકરી કરતા હતા. તે વાત ખરી છે કે બીજા પક્ષકાર અને તેમની સાથેના સાથી કામદારો જી.આઈ.ડી.સી. એમ્પેલોઈઝ યુનિયનના સભ્ય સને ૨૦૧૫ માં બનેલા હતા. આ કામના બીજા પક્ષકારે કંપનીમાં કામદારો વતી ડીમાન્ડ આપેલી તે ડીમાન્ડ ચાર્ટર ઓફ ડીમાન્ડ હતી કે કેમ તેની મને ખબર નથી. તે વાત ખરી છે કે ડીમાન્ડ નં.૨/૨૦૧૬ આજે પણ

નામદાર કોર્ટમાં ચાલુ છે. મને નિ.૧૭/૧ બતાવવામાં આવે છે તે પત્ર દ્વારા સંસ્થાને યુનિયન દ્વારા વરણી કરાયેલ હોદ્દેદારોની જાણ કરતો પત્ર લખવામાં આવેલો તે સંસ્થાને મળેલો. તે વાત ખરી છે કે નવીનભાઈ પટેલ, રજનીકાંત પટેલ, વિક્રમભાઈ વસાવા, શશીકાંત આર. ગોહીલ, તૈયબ હુસેન, જયેશ એન.પઢીયાર નાઓએ સંસ્થા દ્વારા ખાતાકીય તપાસ કરીને છુટા કરવામાં આવેલ. મને નિ.૧૭/૨ બતાવવામાં આવે છે તે સંસ્થાના કામદારો દ્વારા ગેરકાયદેસર રીતે ૧૨–૧૨ કલાક કામ કરાવતા હોય તે બાબતનું આવેદન પત્ર ડેપ્યુટી ડાયરેક્ટરને આપેલું. જેની નકલ અમોને આપેલી કે કેમ તેની મને ખબર નથી. મને નિ.૧૭/૭ બતાવવામાં આવે છે તે ડેપ્યુટી ડાયરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ શેફટી એન્ડ હેલ્થનાએ સંસ્થાને નોટીસ આપવામાં આવેલી તેનો મને ખ્યાલ નથી. મને નિ.૧૭/૩ બતાવવામાં આવે છે તે પત્ર યુનિયન દ્વારા સંસ્થાને ૧૨–૧૨ કલાક ગેરકાયદેસર કામ કરવા બાબતની નોટીસ સંસ્થાને આપવામાં આવેલી તેનો મને ખ્યાલ નથી. મને નિ.૧૭/૪ બતાવવામાં આવે છે તે નોટીસ સંસ્થાને આર.પી.એ.ડી.થી મોકલવામાં આવેલી તેની સ્લીપ છે અને તેમાં સંસ્થાનો સિક્કો છે તેમાં સહી કોની છે તેની મને ખબર નથી. મારા સોગંદનામામાં જણાવ્યા મુજબ બીજા પક્ષકાર સુપરવાઈઝર હતા અને તેના હાથ નીચે ક્યા કામદારો કામ કરતા હતા તે દર્શાવતો પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી. તે વાત ખરી છે કે બીજા પક્ષકાર કામદારોને ક્યા પ્રકારનું કામ કરાવતા હતા અને કામની સુચના આપતા હતા તે દર્શાવતો પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી. તે વાત ખરી નથી કે બીજા પક્ષકારને કોઈ કામદારની રજા મંજુર કરવાની સત્તા નથી. તે વાત ખરી છે કે બીજા પક્ષકારે કોઈ કામદારની રજા મંજુર કરેલ હોય તે દર્શાવતો પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી. તે વાત ખરી છે કે બીજા પક્ષકારને કોઈ કામદારનો પગાર વધારો કરવાની કોઈ સત્તા ન હતી. તે વાત ખરી છે કે બીજા પક્ષકાર બગાસની જે ગાડી આવે તેનું વજન કરે અને તેનો રેકર્ડ રાખે. આ કામના બીજા પક્ષકાર બગાસ સુપરવાઈઝર તરીકે મજુરોને ચઢાવવાનું કામ, સુપરવીઝનનું કામ, બગાસના બીલોની એન્ટ્રીનું કામ, બગાસને લગતા પરચેઝના તમામ કામકાજ બીજા પક્ષકાર કરતા હતા. તે વાત ખરી છે કે મેં જણાવ્યા મુજબના કામ બીજા પક્ષકાર સુપરવીઝર તરીકે કરતા હતા તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તે વાત ખરી છે કે મારી એફીડેવીટના પેરા–૨ માં જણાવ્યા મુજબ બીજા પક્ષકારની ટ્રાન્સફર નિમણુંક પત્રના આધારે કરવામાં આવેલી તે સંદર્ભે બીજા પક્ષકારનો નિમણુંક પત્ર આ કામે રજુ રાખવામાં આવેલ નથી. બીજા પક્ષકારની ટ્રાન્સફર સ્ટર્લીંગ ધામ લી.માં કરવામાં આવેલી તેમાં લેમીનેટની શીટોનું ઉત્પાદન થાય છે. બીજા પક્ષકારને ટ્રાન્સફર કરવામાં આવેલ સંસ્થા દ્વારા પ્રથમ પક્ષકારને માણસોની જરૂર હોય તે બાબતનો લખેલ પત્ર કે દસ્તાવેજ આ કામે રજુ નથી. મે–૨૦૧૬ માં પ્રથમ પક્ષકાર સંસ્થાનું ઉત્પાદન રાબેતા મુજબ ચાલુ હતું. પ્રથમ પક્ષકાર સંસ્થામાં બે બગાસ સુપરવાઈઝર તરીકે કામ કરતા હતા. બીજા પક્ષકાર સતિષ પટેલ

અને બીજા નીરજ પટેલ કામ કરતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા બગાસ સુપરવાઈઝરને પણ ટ્રાન્સફરનો લેટર આપવામાં આવેલ છે. બંને બગાસ સુપરવાઈઝરને સને ૨૦૧૬ માં ટ્રાન્સફર કરવામાં આવેલા તે સંદર્ભે હું જણાવું છું કે તે સમય દરમ્યાન સંસ્થામાં બગાસ સુપરવાઈઝરનું કામ બંધ થઈ ગયેલ ન હતું. તે વાત ખરી નથી કે બીજી સંસ્થાને માણસની જરૂરીયાત ન હોય યુનિયન પ્રવૃત્તિ તોડી નાખવા માટે બીજા પક્ષકારને ટ્રાન્સફર પત્ર આપવામાં આવેલો. બીજા પક્ષકારને આપવામાં આવેલ ટ્રાન્સફર લેટરની સામે બીજા પક્ષકારે કંપનીને જવાબ આપેલો. તે આ કામે આંક–૧૩ થી રજુ છે. તે વાત ખરી છે કે બીજા પક્ષકારને તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજ કામ પર હાજર થવા આવેલ ત્યારે તેને ટ્રાન્સફર કરવામાં આવેલ છે તેથી કામ પર હાજર કરેલ ન હતો. આંક–૧૨ નો ટ્રાન્સફર લેટર પહેલા બીજા પક્ષકારને બીજી સંસ્થામાં ટ્રાન્સફર કરવામાં આવશે તેવી જાણ કરતો પત્ર બીજા પક્ષકારને આપવામાં આવેલ ન હતો. બીજા પક્ષકારને ટ્રાન્સફર કરતા તેઓ હાજર ન થતા તે બાબતની કાર્યવાહી પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા કરવામાં આવેલ તે વાતની મને ખબર નથી. બીજા પક્ષકાર તા.૦૧/૦૭/૨૦૦૯ થી નોકરીમાં જોડાયા ત્યારથી તા.૦૧/૦૬/૨૦૧૬ દરમ્યાન બીજા પક્ષકારની વર્તણુંક બાબતે કે રજા બાબતે કોઈ નોટીસ કે મેમો આપવામાં આવેલ ન હતો. બીજા પક્ષકારની ટ્રાન્સફર કરવામાં આવેલ છુટા કરવામાં આવેલ નથી, જેથી નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર આપવામાં આવેલ ન હતું. તે વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું."

(૮/૫) આ કામે પ્રથમ પક્ષકાર ધ્વારા અન્ય કોઈ મૌખિક પુરાવાઓ રજુ રાખવામાં આવેલ નથી.

(૯) આ કામે રેકર્ડ વંચાણે લીધુ અને બંને પક્ષકારો ધ્વારા રજુ રાખવામાં આવેલ દલીલ ધ્યાને લીધી.

(૯/૧) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આ કામના બીજા પક્ષકાર તેઓના કાયમી કામદાર ન હોવા સંદર્ભેની કોઇ તકરાર લેવામાં આવેલ નથી. આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૧/૦૭/૨૦૦૯ થી જોડાયેલા અને તેઓનો હોદ્દો બગાસ સુપરવાઇઝર હોવાનું જણાવવામાં આવેલ છે. આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૪/૦૫/૨૦૧૬ ના રોજ ટ્રાન્સફર પત્ર આપી તા.૦૧/૦૬/૨૦૧૬ થી કામ પર ચઢવા ન દઇ ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું જણાવેલ છે. આ કામના બીજા પક્ષકારને છુટા કરતા પહેલા પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી કોઇ નોટીસ કે મેમો આપવામાં આવેલ ન હતો તેમજ બીજા પક્ષકાર વિરૂધ્ધ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇ અનુસાર ખાતાકીય તપાસ પણ હાથ ધરવામાં આવેલ ન હતી તે રેકર્ડ ઉપરથી ફલિત થાય છે.

આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદ હિમાંશુભાઇ દેવેન્દ્રભાઇ શાહની જુબાની આંક-૧૬ ની ઉલટતપાસમાં પણ તેઓ દ્વારા સદર હકીકત કબુલ કરવામાં આવેલ છે કે, આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થામાં બીજા પક્ષકાર સિવાય અન્ય બે બગાસ સુપરવાઇઝર તરીકે કામ કરતા હતા. જેમના નામ સતિષ પટેલ અને નિરજ પટેલ હોવાનું જણાવેલ છે. સને ૨૦૧૬ માં બીજા પક્ષકારની ટ્રાન્સફર કરવામાં આવેલ તે સમય દરમ્યાન સંસ્થામાં બગાસ સુપરવાઇઝરનું કામ બંધ થઇ ગયેલ ન હતું.બીજા પક્ષકારને આપવામાં આવેલ ટ્રાન્સફર લેટર સામે બીજા પક્ષકારે કંપનીને જવાબ આપેલ. જે આ કામે આંક-૧૩ થી રજુ છે. વધુમાં આ સાહેદ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, " આંક-૧૨ નો ટ્રાન્સફર લેટર પહેલા બીજા પક્ષકારને બીજી સંસ્થામાં ટ્રાન્સફર કરવામાં આવશે તેવા જાણ કરતો પત્ર બીજા પક્ષકારને આપવામાં આવેલ ન હતો." વધુમાં જણાવેલ છે કે, બીજા કપક્ષકાર તા.૦૧/૦૭/૨૦૦૯ થી નોકરીમાં જોડાયા ત્યારથી તા.૦૧/૦૬/૨૦૧૬ દસમ્યાન બીજા પક્ષકારની વર્તણુંક બાબતે કે રજા બાબતે કોઇ નોટીસ કે મેમો આપવામાં આવેલ ન હતો. વધુમાં સાહેદ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, " આ કામના બીજા પક્ષકાર સુપરવાઇઝર તરીકે કામ કરતા હતા તે દર્શાવતો કોઇ પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી." વધુમાં આ કામના બીજા પક્ષકાર પાસે કોઇ કામદારનો પગાર વધારો તેમજ રજા મંજુર કરવાની સત્તા ન હતી તે હકીકત પણ પ્રથમ પક્ષકારના સાહેદ દ્વારા આંક-૧૬ ની ઉલટતપાસમાં કબુલ રાખવામાં આવેલ છે. વધુમાં સાહેદે કબુલ રાખેલ છે કે,આ કામના બીજા પક્ષકાર સુપરવાઇઝર હતા અને તેમના હાથ નીચે કયા કામદારો કામ કરતા હતા તે દર્શાવતો પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી. તેમજ બીજા પક્ષકાર કામદારો પાસે કયા પ્રકારનું કામ કરાવતા હતા અને કામની સુચના આપતા હતા તે દર્શાવતો પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી. વધુમાં સાહેદ જણાવે છે કે, આ કામના બીજા પક્ષકાર તથા તેના સાથી કામદારો જી.આઇ.ડી.સી.એમ્પ્લોઇઝ યુનિયનના સભ્યો સને ૨૦૧૫ માં બનેલા હતા. અને બીજા પક્ષકારે કંપનીના કામદારો વતી ડીમાન્ડ આપેલી તે ડીમાન્ડ ચાર્ટર ઓફ ડીમાન્ડ હતી કે કેમ તેની તેઓને ખબર નથી. વધુમાં સાહેદ કબુલ રાખે છે કે, ડીમાન્ડ નંબર-૨/૨૦૧૬ આજે પણ નામ.કોર્ટમાં ચાલુ છે.

આ કામે બીજા પક્ષકારને આપવામાં આવેલ ટ્રાન્સફર લેટર આંક-૧૨ થી રજુ છે. આંક-૧૨ તા.૨૪/૦૫/૨૦૧૬ ના રોજ આ કામના બીજા પક્ષકારને આપવામાં આવેલ અને તેમાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા મેસર્સ સ્ટર્લીંગ લેમ લી. બ્લોક નંબર-૧૨૩, ઉજડીયા પ્લોટ, મહીયાળ, તા.તલોદ, જી. સાબરકાંઠા ખાતે ટ્રાન્સફર કરવાનો નિર્ણય લીધા બાજ તેઓએ તા.૦૧/૦૬/૨૦૧૬ ના સવારે ૯.૦૦ કલાકે તલોદ ખાતે રીપોર્ટ કરવાનું જણાવવામાં આવેલ. વધુમાં આક-૧૨ ના ટ્રાન્સફર લેટરમાં

આ કામના બીજા પક્ષકારને આપવામાં આવેલ એપોઇમેન્ટ લેટર તા.૦૧/૦૧/૨૦૧૨ ની શરત નંબર-૩ નો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આ કામના બીજા પક્ષકારને આપવામાં આવેલ એપોઇમેન્ટ લેટર તા.૦૧/૦૧/૨૦૧૨ નો આ કામે રજુ રાખેલ નથી. તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા મેસર્સ સ્ટર્લીંગ લેમ લી. તેઓની સંસ્થાની સીસ્ટર કન્સર્ન કંપની છે. અને તેનું મેનેજમેન્ટ અને પ્રથમ પક્ષકાર સંસ્થાનું મેનેજમેન્ટ એક જ છે, તે દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ કામે રજુ રાખેલ નથી. વધુમાં આંક-૧૨ માં આ કામના બીજા પક્ષકાર કયા પ્રકારની ફરજો બજાવતા હતા તે સંદર્ભેનો કોઇ જ ઉલ્લેખ તેમજ બીજા પક્ષકારના હોદ્દાનો ઉલ્લેખ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા કરવામાં આવેલ નથી.પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આંક-૧૨ ના પત્રમાં મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલ વિવરણ મુજબ બીજા પક્ષકારની બદલી તલોદ મુકામે કરવામાં આવેલ છે તે સંદર્ભેનો કોઇ દસ્તાવેજી પુરાવો સંસ્થા દ્વારા આ કામે રજુ રાખવામાં આવેલ નથી. આમ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકારને આપવામાં આવેલ એપોઇમેન્ટ લેટરની શરતો મુજબ બીજા પક્ષકારની બદલી મેસર્સ સ્ટર્લીંગ લેમ લી. તા.તલોદ, જી.સાબરકાંઠા મુકામે કરવા માટે પ્રથમ પક્ષકાર સંસ્થા અધિકાર ધરાવતા હતા તે સાબિત કરવામાં પ્રથમ પક્ષકાર સંસ્થા સદંતર નિષ્ફળ ગયેલ છે. આ કામના બીજા પક્ષકાર સુપરવાઇઝરની હેસીયતથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરતા હતા અને તેથી તેઓ કામદારની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા નથી તેવું સાબિત કરવામાં પણ પ્રથમ પક્ષકાર સંસ્થા નિષ્ફળ ગયેલ છે.

**(૧૦)** આ કામે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર દ્વારા નોકરીમાંથી છુટા કરતા પહેલા કોઇ નોટીસ, મેમો કે ચાર્જશીટ આપવામાં આવેલ હોય કે બીજા પક્ષકાર વિરૂદ્ધ કોઇ ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ હોય તેવો કોઇ પુરાવો પ્રથમ પક્ષકાર દ્વારા આ કામે રજુ રાખવામાં આવેલ હોય તેવું જણાય આવતું નથી. આમ આ કામના બીજા પક્ષકારને તેમની નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય ધી આઇ.ડી.એકટની કલમ-૨૫ (એફ), ૨૫ (જી) અને ૨૫ (એચ) ના ભંગ સમાન હોય આથી ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

**(૧૧)** આમ ઉપરોકત હકીકતે પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર હોવાનું આથી ઠરાવવામાં આવે છે. તથા કેસની હકીકત તથા સંજોગો જોતાં આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ નોકરીમાંથી છુટા કર્યા તારીખથી પુનઃસ્થાપિત થાય ત્યાં સુધી ૪૦ % બેકવેજીસ સાથે તેમની સળંગ નોકરી ગણી તમામ આનુષાંગિક લાભો સાથે પ્રથમ પક્ષકાર સંસ્થામાં

પુનઃસ્થાપિત કરવાનો હુકમ ફરમાવવામાં આવશે તો તે વ્યાજબી અને ન્યાયોચિત ગણાશે તેમ ઠરાવી મુદ્દા નંબર : ૧ નો જવાબ આંશિક હકારમાં આપી મુદ્દા નંબર : ૨ અન્વયે આખરી ન્યાયી આદેસ નીચે મુજબ કરવામાં આવે છે.

## -:- આખરી હુકમ -:-

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.બી) નંબર-૨૮૦/૨૦૧૬ આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ આ એવોર્ડ પ્રસિધ્ધ થયે દિન-૩૦ માં બીજા પક્ષકારને તેમને છુટા કર્યા તારીખથી પડેલા દિવસોના ૪૦ % પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સાથે તથા સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા.

(૩) રેફરન્સ કેસના સંજોગો જોતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને ખર્ચ પેટે રૂ.૧,૦૦૦/- ( અંકે રૂપિયા એક હજાર પુરા ) ચુકવી આપવા.

(૪) સદર હુકમની નકલ ધી આઇ.ડી.એકટની કલમ ૧૧(૧૦) મુજબ પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, ભરૂચને મોકલી આપવી.

( Sandipsinh. G. Dodiya )
UIC No : GJ00902
Presiding Officer (SD)
Labour Court No : 1
Bharuch

Place : Bharuch
Date : 05/04/2019